સુવિચાર : કુનેહ એટલે સામા માણસને વીજળીનો ચમકારો બતાવી શકીએ અને એનો આંચકો ન લગાવા દઇએ - રમેશ ઓઝા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૪૦ | ૩૦ જુલાઇ, ૨૦૧૫, ગુરૂવાર ; અષાઢ સુદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

**તાપમાન**

મહત્તમ : ૨૮.૫ ડીગ્રી

લઘુતમ : ૨૩.૦ ડીગ્રી

ભેજ

સવારે ૧૦૦ ટકા ● સાંજે ૮૫ ટકા

વરસાદ : સવારે ૮-૩૦ થી સાંજે ૫-૩૦ - ૭.૫ મી.મી. કુલ : ૫૬ મી.મી.

# ગાંધીનગરના પાદરે સાબરમતી બે કાંઠે



તસવીર : હિરેન ભટ્ટ

## જિલ્લાની ચાર નદીઓમાં ઘોડાપુર જેવી સ્થિતિ : નદીકાંઠાના ૭૯ ગામોમાં સાવચેતીના પગલાં : સંત સરોવરમાં સાંજે ૭ વાગે ધરોઈથી છોડેલું પાણી આવી પહોંચ્યું તે પૂર્વે ૪૮ હજાર કયુસેક પાણી પસાર થતું હતું

ગાંધીનગર, તા.૨૯ ગાંધીનગર જિલ્લાની હદમાંથી પસાર થતી ચારેય નદીઓમાં વરસાદી હેલીને પગલે ઘોડાપુરની સ્થિતિ ઉભી થતાં તંત્ર એલર્ટ મોડ પર મુકાઈ ચુકયું છે. નદીકાંઠાના ૭૯ જેટલા ગામોમાં લોકોને સાવચેત રહેવા માટેની તાકીદ કરવામાં આવી છે.



ગાંધીનગર જિલ્લામાંથી પસાર થતી ખારી, મેશ્વો વાત્રક તેમજ સાબરમતી નદીઓ આજે બે કાંઠે વહેતી થઈ છે. ધરોઈ ડેમમાંથી આજે સવારે ૧,૬૫,૦૦૦ કયુસેક પાણી છોડવામાં આવ્યું હતું. જે સાંજે ૭ વાગ્યાના સુમારે ગાંધીનગરના ગોંદરે બનેલ સંત સરોવર ખાતે આવી પહોંચ્યું હતું.

આ પૂર્વે જિલ્લા સહિત સાબરમતી નદીના ઉપરવાસના ગામોમાં થયેલ અતિ ભારે વરસાદને કારણે સંત સરોવરમાંથી સવારે ૪૮ હજાર કયુસેક પાણી પસાર થતું હતું.



મળતી વિગતો પ્રમાણે ધરોઈ ડેમમાંથી છોડાયેલ પાણી સાંજે ૫.૩૦ના સુમારે લાકરોડા વિયર પહોંચ્યું ત્યારે પ્રવાહ નદીનો ૧,૭૨,૦૦૦ કયુસેક નોંધાયો હતો.

સંત સરોવરમાંથી સવારે ૪૮ હજાર કયુસેક પાણી પસાર થતું હતું. તે સાંજે પાંચ વાગે ઘટીને ૩૦ હજાર કયુસેક જેટલું જણાયું હતું. જો કે રાત્રે આ પ્રવાહ બે લાખ કયુસેક જેટલો થશે તેવો અંદાજ છે.

ધરોઈ ડેમના સત્તાવાળાઓએ સવારે બ્લયુ રંગનું સિગ્નલ આપ્યું હતું. પરંતુ જેમ જેમ પાણી આગળ વધતું હતું તેમ તેમ તે રેડ સિગ્નલમાં પરિવર્તીત થયું હતું.



તસવીર : દિપક જાની

ગાંધીનગરમાંથી પસાર થતી સાબરમતી નદી બે કાંઠે થતાં લોકો

● અનુસંધાન પાન-૭ પર

અનોખા અખબારની અનોખી ભેટ રૂા. ૧૨,૦૦૦થી વધુનો ફાયદો

ગાંધીનગર સમાચાર

આવતીકાલની મંગલ પ્રભાતથી નવી ભાતના અખબારનો મંગલ પ્રારંભ

મૂલ્યનિષ્ઠ વાંચન સાથે મૂલ્યવાન ઉપહારો જીતવાની તક !




વાર્ષિક લવાજમ યોજના



વાર્ષિક લવાજમ યોજના

માત્ર રૂા. ૬૦૦ ભરો અને આખું વર્ષ નિયમીત ગાંધીનગર સમાચાર મેળવો

વાર્ષિક લવાજમ ભરો અને ગાંધીનગરની ટોપ ૧૨૫ બ્રાન્ડસની ૫૦૦ જેટલી ગિફ્ટ ડિસ્કાઉન્ટ કૂપન મેળવો

વાર્ષિક લવાજમ યોજના અંતર્ગત તા. ૩૧ ઓગસ્ટ, ૨૦૧૫ સુધીમાં નોંધાયેલા ગ્રાહકો માટે વિશેષ ઈનામી ડ્રો

લાખોના ૧૦૧ જેટલા ઈનામો જીતવાની તક

આજે જ લવાજમ ભરો અને આપની કોપી બૂક કરાવો

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

684/1, સેક્ટર-8, ગાંધીનગર-382008 ફોન : (079) 23222571, 23237571